(સુતી વખતે)

જયશ્રી વલ્લભ, જયશ્રી વિઠ્ઠલ, જય યમુના શ્રીનાથજી
કલિયુગના તો જીવ ઉદ્ધાર્યા, મસ્તક ધરિયા હાથજી
મોર મુકુટને કાને કુંડલ, ઉર વૈજયંતિ માલાજી
નાસિકા ગજમોતી સોહે, એ છબિ જોવા જઈએજી.
આસપાલ ગૌ બિરાજે, ગ્વાલ મંડળી સાથેજી,
મુખથી વ્હાલો વેણુ બજાવે, એ છબિ જોવા જઈએજી
જયશ્રી ગિરધર, જયશ્રી ગોવિંદ, જયશ્રી બાલકૃષ્ણજી
જયશ્રીગોકુલપતિ, જયશ્રી રઘુપતિ, જયશ્રીયદુપતિ ઘનશ્યામજી
શ્રી ગોકુલ વારે નાથ, મેરી દોરી તુમારે હાથજી,
જય યમુના શ્રીગોવર્ધનનાથ, મહાપ્રભુજી શ્રી વિઠ્ઠલનાથ
જય જય શ્રીગોકુલેશ, શેષ ના રહે કલેશ
શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો, શ્રી વલ્લભ જુગ જુગ
રાજ કરો

શ્રી વલ્લભ વિઠ્ઠલ ગોપીનાથ, દેવકીનંદન શ્રી રઘુનાથ
યશોદાનંદન નંદકિશોર, શ્રી મુરલીધર માખણચોર.
સૂરદાસ કૃષ્ણદાસજી, પરમાનંદ કુભનદાસજી,
ચતુર્ભૂજ નંદદાસજી, છીતસ્વામિ ગોવિંદ.
શ્રી વલ્લભદેવકી જય, પ્રાણ પ્યારેકી જય, શ્રી ગોવર્ધન-
નાથકી જય, સાત સ્વરૂપકી જય, ચોરાશી વૈષ્ણવકી જય,
બસોબાવન ભગવદીયકી જય, અષ્ટસખાકી જય,
દામોદરદાસ
હરસાનીકી જય સમસ્ત વલ્લભકુળકી જય અપને અપને
ગુરુદેવકી જય.